# ૧૯૩૦ મીઠા સત્યાગ્રહના સેનાની શ્રી ચંદ્રકાન્ત કાળીદાસ નાયક

**પ્રિયકાન્ત આર. શ્રીમાળી**
આસિ.પ્રોફેસર
**ગઢ કોલેજ, ગઢ** (બનાસકાંઠા)

અંગ્રેજો ભારતમાં આવ્યાં અને તેમણે બંગાળ, બિહાર અને ઓરિસ્સા પ્રાપ્ત કર્યા. ત્યારથી ભારતમાં ભારતીય પ્રજાની પડતી શરૂ થઇ છે. દિવાની સત્તા મેળવી કર ઉઘરાવી તેમણે અંગ્રેજ સત્તાનો પાયો નાંખ્યો. જયારે ભારતની જ પ્રજા પાયમાલ અને ગરીબ બનતી ગઇ. જો તે જ સમયે સમગ્ર ભારતનાં રાજાઓ અનેક થઇ ગયા હોત અને અંગ્રેજોની સામે યુધ્ધ કર્યુ હોત તો આપણે આટલા બધા વર્ષો ગુલામી વેઠવી પડી ન હતો. પરંતુ આ બધી વાતો છે. આ તો મનને મનાવવા માટે થતી વિચારધારા છે જે રજૂ કરી.

પરંતુ સારી હકીકત એ છે કે આપણાં ભારતમાં આઝાદી માટેનું રણશીંગુ ૧૯૦૫માં ફુંકાયું અને યુધ્ધ જન્મ પરિસ્થિતિ ત્યારથી શરૂ થઈ. ત્યારથી આઝાદીની સાચી માહિતી લોકોને મળી અને પ્રજા પણ આઝાદી માટે અંગ્રેજોનાં સામે લડવા તત્પર બની.

આઝાદી માટેની લડતો ઈ.સ.૧૯૦૫ થી ચળવળનાં સ્વરૂપે વારંવાર થતી આવી છે. જેનું પરિણામ ઈ.સ.૧૯૪૭ માં પ્રાપ્ત થયું અને આ ચળવળમાં અંગ્રેજોના સામે અનેક નરબંકાઓએ પોતાના જાન ગુમાવ્યા છે. ત્યારે આપણે આઝાદ થયા છીએ. આઝાદીનો સાચો અર્થ એ છે કે જેણે સાચા અર્થમાં બલિદાન આપ્યું છે અને આ બલિદાન તેમનું વ્યર્થ ના જાય અને તેમના શૌર્યનાં વિચારોને હંમેશા વાગોળતા રહીએ તો સાચી આઝાદી પ્રાપ્ત થઇ છે તેમ કહી શકાય.

ભારતની જેમ ગુજરાતમાં પણ આવા નરબંકાઓ થઇ ગયા છે જેણે આઝાદી અપાવવામાં પોતાનુ બલિદાન આપ્યું છે. કેટલાકને તો સજાઓ થવા પામી છે અને એવી સજા કે એ જોતાં જ આપણા શરીર કંપી જાય છે. છતાંય આઝાદીની લડતના સૈનિકો એક શબ્દ પણ ઉચ્ચારતા ન હતાં અને મુંગે મોંએ તે સહન કરતાં હતાં. આવા અનેક સ્વાતંત્ર્યવીરોએ બલિદાન આપી ભારતને આઝાદી અપાવી છે.

તેવા ગુજરાતનાં મહેસાણા જિલ્લાનાં કેટલાક હિંમતવાન સૈનિકોએ પણ પોતાનું કામ કર્યુ છે. તેમાંના કેટલાક સ્વાતંત્ર્યવીરોને આજે આઝાદીની ઉજવણી સમયે હું તેમને યાદ કરી તેમના કાર્યોની નોંધ લખું છું અને કોટી કોટી વંદન કરું છું.

ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં પણ આઝાદી માટે લડતો ચલાવવામાં આવી છે. તેમાં મહેસાણાની સરહદ પર આવેલા નાનામાં નાનું ગામ વડનગર ત્યાંના સ્વાતંત્ર્યના નરબંકાએ આઝાદીમાં જંપ લાવ્યું અને ભારતને ગૌરવભેર આઝાદ કરાવ્યું. આવા એક સ્વાતંત્ર્યવીરોની સ્વતંત્ર મીજાજ ધરાવી આઝાદી માટેની દાસ્તાન જાણવા જેવી છે.

તેઓ શ્રી ચંદ્રકાન્ત કાળીદાસ નાયક છે. જેમણે ઈ.સ.૧૯૩૦ની દાંડીકૂચ જેવી "મીઠાની લડાઈ" ધરાસણાનો સત્યાગ્રહ અને મીઠાના કાયદાનો ભંગ કરીને લડાઈમાં ઝંપલાવ્યું હતું. તેમનો જન્મ તેમના વતન વડનગરમાં તા.૨–૧૨–૧૯૧૦માં થયો હતો. તેઓશ્રી વડનગરના વતની હતાં. પિતાજીની આવક ખુબ જ વતની ઓછી હતી. તેથી તેમનું કુટુંબ મધ્યમવર્ગીય હતું. પ્રાથમિક શિક્ષણ ગામઠી શાળામાં મેળવ્યું હતું. ન ાનપણથી જ શરીર મજબૂત, ફસાયેલું

હતું. તેઓ વ્યાયામના ખુબ આગ્રહી હતાં. દરરોજ વ્યાયામ પ્રવૃત્તિ તેમને આઝાદીની લડતમાં આશીર્વાદરૂપ સાબિત થઇ. શ્રી ચંદ્રકાન્ત ભાઇનો જન્મ એવા સમયમાં થયો હતો કે જયારે વિશ્વના પ્રથમ વિશ્વયુધ્ધની ભૂમિકા સર્જાઇ ચૂકી હતી. આવી સ્થિતિમાં જેનો જન્મ થયો હોય તે સ્વાભાવિક છે કે તેઓ મજબૂત અને મકકમ મનોબળ ધરાવનાર હોય.

બાળપણથી ચંદ્રકાન્તભાઇનામાં રાષ્ટ્રીયતાના ગુણોનો વિકાસ થયો હતો. તેમના પિતાજી રાષ્ટ્રભાવનાના પાઠ શીખવતાં. આથી તેઓ દેશની આઝાદી માટે તત્પર રહેતાં. ૨૦ વર્ષની યુવાન વયે ગાંધીજીની મીઠાના ભાવ વધારાની લડાઇમાં શ્રી નાયક જોડાયા. તેઓ ઇ.સ.૧૯૩૦માં ગાંધીજીએ દાંડીકૂચ કરી હતી. આ સમયે ચંદ્રકાન્તભાઇ સ્કૂલમાં અભ્યાસ કરતા હતા. મીઠાની લડાઇની હાકલ પડી એટલે તેઓ સ્કૂલેથી ઘરે પણ ન ગયા અને બારોબાર લડાઇમાં જોડાઇ ગયાં. શાળામાંથી બારોબાર તેઓ ટુકડીમાં સામેલ થયાં. આ સમયે ટુકડીના નાયક અને મુખ્ય નેતા "શ્રીમતિ સરોજીની નાયડુ" અને સાથે કમળાદેવી ચટ્ટોપાધ્યાય હતાં. આ સમયે તેમનામાં જોશ અને જોમ તથા રાષ્ટ્રને માટે બલિદાન આપવાની ભાવના ભારોભાર વિકસી હતી. સરોજીની નાયડુની ટુકડી ખુબ જ જાણીતી હતી કેમકે ગમે તેવા કપરા કામ અને સરકારનો સામનો કરનાર મજબૂત, તાકાતવાળી કડી ગણાતી. આથી આવી ટુકડીમાં શ્રી નાયક જોડાયા હતાં. શ્રીમતિ સરોજીની નાયડુએ તેમને ખુબ જ સમજાવ્યાં, છતાં તેઓ ન સમજયાં અને ત્યાં જ તંબુમાં જઇને સૂઇ રહ્યા. આખી રાત્રી આઝાદી માટે લડવાના વિચારોમાં જ ગાળી.

બીજા દિવસે સરોજીની નાયડુની ટુકડી ધરાસણા જવા નીકળી પડી. દરેક સેનાનીને સમજાવવામાં આવેલું કે પોલિસ મારશે. પરંતુ એક પણ સેનાની તેમનો સામનો કરશે નહિ. આ માહિતી બરોબર મગજમાં ઉતારી લીધી અને શ્રી નાયકે એક અડગ નિશ્ચય કર્યો હતો કે આઝાદી માટે મોત આવે તો પણ ડરવું નહિ.

ધરાસણાના મીઠાના અગરો પાસે બીજા દિવસે સવારે સમગ્ર ટુકડી પહોંચી ગઇ. અહીં અંગ્રેજ સરકારે સખત પોલિસ પહેરો ગોઠવ્યો હતો. મીઠાના અગરોને તારની ઉંચી વાડ કરવામાં આવેલી ત્યારબાદ અંગ્રેજ પોલિસો બંદૂકો સાથે ઉભા હતાં. આ ઉપરા અનેક પોલિસ કૂમકો મીઠાના અગરોના વિસ્તારમાં ગોઠવવામાં આવેલ આવા સખત પોલિસ પહેરામાં મીઠાના અગરમા જઇ ચપટી મીઠુ લઇ મીઠાના કાયદાનો ભંગ કરવાનો હતો. સરોજી નાયડુએ વંદે માતરમ્ બોલાવી, સૂત્રોચ્ચાર કરતાં સરઘસ આકારે આગળ વધ્યાં. સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો અને અંગ્રેજોએ થોભી જાવનો ઓર્ડર આપ્યો. પરંતુ આ ટુકડી અટકી નહિ અને વંદે માતરમ્ બોલતાં બોલતાં અગરોથી થોડેક દૂર પહોંચ્યા હતા અને અંગ્રેજ પોલિસોએ લાઠીચાર્જ શરૂ કરી દીધો, અનેક લોને ખૂબ જ માર મારવામાં આવ્યો. લોકોએ પોતાની હદ છોડી નહિ. તેઓ માર ખાતા ખાતા ચાલતાં રહ્યાં. અંગ્રેજ સેનિકો ખુબ ઉગ્ર બની માર મારતાં, પરિણામ ઘણાં બધાં સત્યાગ્રહીઓ લોહી લુહાણ થયા અને કેટલાક ઘાયલ થયાં. શ્રી નાયક અને તેમના મિત્ર ગુલાબ બંને સાથે હતા. આથી બંનેએ એકબીજાને ઇશારો કર્યો અને બંને જણાએ "દોટ લગાવી" જ યાં તારની વાડ હતી. આથી પોલિસ પાછળ પડી અને હાથમાં ન આવતાં પોલિસે છુટો દંડો માર્યો. શ્રી નાયક આગળ હતાં અને શ્રી ગુલાબભાઇમ પાછળ હતાં. તેથી આ દંડો ગુલાબભાઇના પગમાં વાગ્યો અને તેઓ પડી ગયાં અને તેમને પોલિસે પકડી લીધાં અને ખુબ માર મારતાં લઇ ગયા.

"શ્રી નાયક દોડતાં દોડતાં તારની વાડ સુધી પહોંચી ગયાં, પરંતુ તારની વાડ ખૂબ જ ઉંચી હતી છતાં તેની પરવા કર્યા વિના વંદે માતરમ્ બોલી જંપ લગાવી તારની વાડની વાડ કૂદી ગયાં અને અંદર કૂદી ચપટી મીઠુ લઇ લીધું અને મુઠ્ઠી વાળી દીધી. એટલામાં તો અંગ્રેજ પોલિસ આવી જતાં શ્રી નાયકને ખૂબ જ માર માર્યો. લાઠીઓનો વરસાદ વરસી પડયો અને નાયક નીચે પડી ગયાં. છતાં લાકડીઓનો માર ચાલુ જ રહ્યો. આ સિવાય ગડદાપાટુનો માર તથા પોલિસોએ પગ વડે લાતો મારી અચાનક પોલિસની" લાઠી જનેન્દ્રી ઉપર વાગતાં તેઓ બેભાન થઇ ગયાં. આવી સ્થિતિ હોવા છતાં શ્રી નાયકે

પોતાના હાથની મુઠ્ઠી ખોલી ન હતી કારણ મુઠ્ઠી મીઠુ લીધું હતું. પોલિસે તેમનો હાથ ઉપર અને લાકડીએ ફટકારી હતી. આથી તેમને આંગળીઓના ઘણાં ફેક્ચરો થતાં હતાં. બેભાન થયેલાં અને પોલિસનો માર ખાતાં આવા સેનાનીઓએ ભારતને આઝાદી અપાવવામાં અનેક યાતનાઓ ભોગવી છે. સરોજીની નાયડુએ શ્રી નાયકના ખુબ ખુબ વખાણ કર્યા અને તેમના કાર્યને બિરદાવ્યું. તેમના શૌર્યની માહિતી લોકોને આપી.

ત્યારબાદ સ્ટ્રેચરમાં નાખી શ્રી નાયકને દવાખાને લઇ જવામાં આવ્યાં. અહીં તેમને હાથનાં અને આંગળીના ફેકચર થયા હતા. તેની દવા કરવામાં આવી. અંગ્રેજ સરકારે તેમના ઉપર કેસ ચલાવ્યો અને મીઠાના કાયદાનો ભંગ કરવા બદલ તેને સજા કરવામાં આવી.

શ્રી ચંદ્રકાન્તભઇ ગાંધીજીના ખાસ અનુયાયી હતા. ગાંધીજી સાથે લડતો ચલાવવા માટે કેટલીકવાર મળેલાં અને ગાંધીજીના વર્ધાના સેવા ગ્રામ આશ્રમમાં શ્રી નાયક રહેલાં. આ દરમ્યાત તેઓ શ્રી વિનોબાજીના સંપર્કમાં આવેલાં અને તેમણે ગાંધીજી અને વિનોબાજીનાં વિચારોને અમલમાં ઉતાર્યા હતા. ગાંધીજીની વિચારધારા પ્રમાણે તેઓ અસ્પૃશ્યતામાં માનતા ન હતા. તેનો વિરોધ કરતાં. ખાદી કાંતતા હતા. જાતે ખાદીના કપડા પહેરાતા, દરરોજ પ્રાર્થના કરતા. હરિજન વાસમાં દરરોજ જવાનું તેમની સાથે બેસવાનું, આઝાદીની ચળવળ માટેની માહિતી આપવાની અને પ્રાર્થના કરવાની આ તેમણે જીવનમાં અપનાવેલા કાર્યો હતા. જો કે આ માટે તેમના પિતાજી અને ઘરના લોકોનો વિરોધ હતો છતાં ગાંધીના અનુયાયીના નાતે તેમણે આ કાર્યક્રમ જીવનનાં છેલ્લા વર્ષો સુધી ચાલુ રાખેલ. હું જયારે ૨૬–૫–૯૦ના રોજ તેમણે મળેલો ત્યારે પણ આજ વાત કરેલી અને એ જ રીતનો જુસ્સો અને એ જ રીતે ખમીરવાળી વાતો રૂબરૂ વડનગર ખાતે કરેલી.

તેમની સ્વાતંત્ર્યની લડત અવિરત ચાલી જ રહી છે. તેઓ મીઠાના કાયદાના ભંગની સજા ભોગવીને આવ્યા બાદ વડનગરમાં રહ્યાં પરંતુ તેમની ભૂગર્ભ પ્રવૃત્તિઓ કરવાની ચાલુ હતી. લોકોને સ્વાતંત્ર્યની લડાઇઓ માટ તૈયાર કરવા, સભા કરવી, બોમ્બ બનાવવા, કાચોમાલ લાવવાનો અને પહોંચાડવા માટે અંગ્રેજ પોલિસે તેમને પરેશાન કરી મૂકયાં. દરરોજ દિવસમાં અનેકોવાર ગોરા અમલદારો અને પોલિસો ઘરે આવતાં. તેથી કંટાળીને તેને ઘેરથી ભાગી જવું પડયું. ભૂગર્ભમાં રહીને તેમણે સ્વાતંત્ર્યની ચળવળ કરનારને મદદ કરવાનું શરૂ કર્યું. તેઓએ "સરદારજી"નો પહેરવેશ શરૂ કર્યો. સરદારજી તરીકે રહેવા લાગ્યા અને ટ્રક ડ્રાઇવરની નોકરી શરૂ કરી. આ દરમ્યાન ટૂંકમાં તેઓ બોમ્બ બનાવવા ઉપયોગ આવતાં એવા માલસામાન લાવતાં અને જે તે સ્થળે આપી આવતાં. એક દિવસ ટ્રકમાં તેજાબ અને દારૂગોળો લઇ જતાં હતાં. કોઇએ પોલિસને જાણ કરી તેથી અંગ્રેજ પોલિસો તેમની ટ્રક રોકવા ઉભા હતાં. અચાનક પોલિસને જોઇ શ્રી નાયક સ્તબ્ધ બની ગયા પરંતુ હિંમત હાર્યા વિના નિડરપણે ટ્રક ચલાવી અને ગોરા સૈનિકો ઉપર ટ્રક ફેરવી સૈનિકોને મારી નાખ્યાં. આથી તેમની ઉપર કેસ થયો અને તેમને સખત સજા કરવામાં આવી એટલું જ નહિ તેમને ગુજરાતમાંથી હદપાર કરવામાં આવ્યા અને તેઓ મહારાષ્ટ્રમાં ગયા અને અહીંથી પ્રવૃત્તિઓ ચાલુ રાખી. મહારાષ્ટ્ર ભીવંડી વિસ્તારને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી. અહીંની પોલિસની ઉઘ હરામ કરી નાખી.

ઇ.સ.૧૯૪૨ની ચળવળમાં પણ તેમણે ભાગ લીધો અને ત્યારબાદ તેઓ વડનગર પોતાના મુકામે આવ્યા. તેમણે કરેલ પ્રવૃત્તિની નોંધ રૂપે સ્તંભ પર લખાણ છે. તેઓ પૂર્ણ ગાંધીવાદી સૈનિક હતાં. ગાંધીજીની દરેક પ્રવૃત્તિઓમાં અને કાર્યમાં રસ લેતાં દેખાવે મજબૂત શરીર ખડતલ અને નૈતિક હિંમત ધરાવના નિડર એવા આપણા શ્રી ચંદ્રકાન્ત કાળીદાસ નાયકે માત્ર વડનગર નહિ પણ સમગ્ર ગુજરાતને આઝાદીની ચળવળમાં પ્રથમ હરોળમાં સુવર્ણ અક્ષરે મૂકી વડનગરનું નામ ઉજજવળ કર્યુ છે. ધન્ય છે એ ધરાને જયાં સપૂતો અને વીર પુરુષો પાકયાં છે. ધન્ય છે જનનીને જે ણે આવ સપુતને જન્મ આપ્યો. જેને કોટી–કોટી વંદન. જયહિન્દ/વંદે માતરમ્.

એક દિવસ શ્રી નાયકને જવાહરલાલ નહેરુ સાથે મળવાનુ થયું હતું. આ સમયે તેમણે શ્રી જવાહરલાલને એક–રૂદ્રાક્ષની ભેટ આપી હતી. નેહરુએ માનભેર લીધી હતી.

***સંદર્ભસૂચિ***


(૧) ડાં. દેસાઈ શાંતિલાલ "રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત" પ્રથમ આવૃતિ યુનિર્વસિટી ગ્રંથ નિર્માણ બોર્ડ – અમદાવાદ ઈ.સ. ૧૯૭૨

(૨) ડાં. રામૈયા બી.કોંગ્રેસ ઈતિહાસ ન્યુ દિલ્હી ૧૯૫૮

(૩) ડાં. શુકલ જયકુમાર ર.ગુજરાતમાં સ્વાતંત્ર્ય ચળવળો મંગલમ્ પ્રકાશક – મણિનગર – અમદાવાદ – ૧૯૪૪

(૪) મહેતા કલ્યાજી વિઠ્ઠલભાઈ અને દેસાઈ ઈશ્વરલાલ "દાંડીકુચ" ગુજરાત રાજય માહિતી ખાતુ – ગાંધીનગર ૧૯૮૫

(૫) ખબરદાર સરદેશર ફરામજી "ભારત નો ટંકાર" મુંબઈ – ૧૪ – ૧૯૪૧

(૬) ડાં. શ્રીમાળી દલપતભાઈ સેવામૂર્તિ પરિક્ષિતલાલ નવજીવન પ્રકાશ મંદિર અમદાવાદ – ૧૪ ઈ.સ. ૧૯૭૦

(૭) ડાં. જયોતિકર પી.જી. "ગુજરાત ની આંબેડકરી ચળવળનો ઈતિહાસ (૧૯૨૯ થી ૧૯૪૭)" ગુજરાત ડાં. બાબા સાહેબ આંબેડકર, જન્મ શતબ્દી ઉજવણી સમિતિ સચિવાલય – ગાંધીનગર – ડિસેમ્બર – ૧૯૯૧

(૮) યુનિર્વસિટી ગ્રંથ નિમાર્ણ બોર્ડ ગુજરાત ના સ્વાતંત્ર્ય સૈનિકો ( માહિતીકોષ)અમદાવાદ – ૧૯૮૦

(૯) જાની રામ પ્રસાદ વિસનગર ન્યુઝ – આઝાદી પર્વ વિશેષાંક (ઈ.સ. ૧૯૯૯ – ૨૦૦૦)

(૧૦) કેકારવ – લક્ષ્મી પટેલ વિસનગર અંક ૪ વર્ષ – ૧૬ તા. ૩–૧૨–૦૩

(૧૧) ભગત કચરાભાઈ વિજય માસિક અમદાવાદ – પાંચકુવા અમદાવાદ – ૧૯૩૩ – ૧૯૩૭ પૃ – ૩

(૧૨) પટેલ મોહનલાલ મહેસાણા – પાટણ જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિકોના ટુંકા જીવન પરિચય – પ્રથમ – આવૃતિ પ્રકાશક – તુલસીભાઈ પટેલ મહાગુજરાત – પાટણ – ૧૯૮૮